| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૭/03/૨૦૨૦ શુક્રવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૫૯૬/૨૦૨૦**

# ઘરફોડ ચોરીના આરોપીની અટકાયતની વિગત

## કાગડાપીઠ પોલીસ સ્ટેશન :-

## ઘરફોડ ચોરીના આરોપીઓને ગણતરીની કલાકોમાં પકડી પાડતી કાગડાપીઠ પોલીસ.

અમદાવાદ શહેરમાં બનતા ગુનાઓ અટકાવવા તથા ગુના શોધી કાઢવા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર -૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડિવીજન અમદાવાદ તથા પોલીસ ઇન્સપેકટર શ્રી યુ.ડી.જાડેજા નાઓના સીધા માર્ગદર્શન તથા સુચના મુજબ તા- ૨૬/03/૨૦૨૦ ના રોજ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ.પી.કે.ગોહીલ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન ફરતા–ફરતા કલાક ૨૦/૧૦ વાગે. જમાલપુર ચાર રસ્તા ખાતે જાહેર રોડ ઉપર આવતા સાથેના પો.કો.સરદારસિંહ મહિપતસિંહ તથા પો.કો દિનેશભાઇ ભીમશીભાઈ નાઓને સયુક્ત બાતમી હકીકત મળેલ કે કાગડાપીઠ પોલીસ સ્ટેશન ગુ.ર.ન. ૦૦૨૮૧/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૪૫૭,૩૮૦ મુજબ ગુનાના કામે ચોરી કરેલ તેલના ડબ્બા એક કાળા કલરની એક્સેસ જેનો RTO નંબર GJ 01 NV 0699 માં લઈ બે ઈસમો જમાલપુર પુલ નીચે થઈ પસાર થનાર છે” આધારે આરોપીઓ નામે (૧) મોહમદ ફારુક અબ્દુલહમીદ શેખ ઉ.વ ૩૦ રહે : ૪૮૪, સોદાગરની પોળ, ગફુર બિલ્ડીગ સામે, હરીજન વાસ, જમાલપુર, અમદાવાદ શહેર તથા નંબર (૨) તૌશીદ ઉર્ફે તરાના સ/ઓ હબીબભાઇ શેખ (કિન્નર) ઉ.વ.૧૯ રહે: બિસમિલ્લાહ નગર, કબ્રસ્તાનની પાછળ, બહેરામપુરા પોલીસ ચોકી પાસે, દાણીલીમડા, અ’વાદ નાઓ પાસેથી એક એક્સેસ સ્કુટર જેનો RTO નંબર GJ 01 NV 0699 જેની કિ.રૂ.૧૫૦૦૦/- તથા એક્સેસ સ્કુટરની ચાવી કિ.રૂ.૦૦/૦૦ તથા તેલના ડબ્બા નંગ -૦૨ જેની કિ.રૂ.૩૦૦૦-/- ગણી કુલ્લે રૂ,૧૮૦૦૦/- નો મુદામાલ પક્ડી સારી કામગીરી કરેલ છે.




<u>**રામોલ પોલીસ સ્ટેશનઃ-**</u>

રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રામોલ પોલીસ સ્ટાફ દ્વારા જરૂરિયાત મંદ લોકોમાં ૨૫૦ જેટલી કરીયાણા કીટનું વિતરણ કરવામાં આવ્યું તેમજ જરૂરિયાતની વસ્તુ આપી તેઓને વતન માં નહી જવા અપીલ કરવામાં આવી હતી.









# પ્રોહીના આરોપીની અટકાયતની વિગત

## કાગડાપીઠ પોલીસ સ્ટેશન :-

## લોકડાઉનની સ્થિતીમાં સેનેટાઇઝર સર્વિસ Govt. Approved લખેલ એક્ટીવાની આડમાં દેશીદારૂની હેરફેર કરતા બે ઇસમોને પકડી પાડતી કાગડાપીઠ પોલીસ

અમદાવાદ શહેરમાં બનતા ગુનાઓ અટકાવવા તથા ગુના શોધી કાઢવા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડિવીજન અમદાવાદ તથા પોલીસ ઇન્સપેકટર શ્રી યુ.ડી.જાડેજા નાઓના સીધા માર્ગદર્શન તથા સુચના મુજબ આજરોજ તા.૨૭/૦૩/૨૦૨૦ ના રોજ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ.પી.કે.ગોહીલ તથા બીજા સ્ટાફના માણસો સાથે હાલમાં કોરોના વાયરસના અનુસંધાને અમદાવાદ શહેર તથા સમગ્ર દેશમાં લોકડાઉન કરેલ હોય જે લોકડાઉન સંદર્ભે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં તે દરમ્યાન કલાક ૧૩/૦૦ વાગે બહેરામપુરા પોલીસ ચોકી ચાર રસ્તા પાસે આવતા એક લાલ કલરની એક્ટીવા જેના આગળના ભાગે સેનેટાઇઝર સર્વિસ Govt. Approved લખેલ હોય જે એક્ટીવા ઉપર બે ઇસમો મેલડીમાતા મંદિરથી જમાલપુર ચાર રસ્તા તરફ આવતા હોય તેમના ઉપર શક વહેમ પડતા સદર એક્ટીવા ચાલકને રોકી રોડની સાઇડમાં કરી એક્ટીવા જોતા જેનો RTO નંબર GJ-27 CS-6115 નો જણાયેલ બાદ સદર એક્ટીવાની ડેકી ચેક કરતા તેમાંથી દેશીદારૂ ભરેલી પોલીથીનની થેલીઓ મળી આવતા સદરી બન્ને ઇસમોને પુછપરછ કરતા પોતે પોતાનું નામ (૧) કિશન ઉર્ફે ગામો મનોજભાઇ સોલંકી ઉ.વ.૨૨ રહે.મ.નં.૨૬૫/એ અહેમદ કસાઇની ચાલી ગુજરાતી શાળા નં.૩, ૪ ની પાસે બહેરામપુરા અમદાવાદ શહેર તથા (૨) પ્રકાશ ઉર્ફે લાલુ હરીભાઇ પરમાર ઉ.વ.૨૪ રહે.બળીયાદેવના છાપરા અમૃતનગર સોસાયટીની સામે બહેરામપુરા અમદાવાદ શહેરના હોવાનું જણાવેલ. સદરી બન્ને ઇસમો પાસેથી મળી આવેલ કુલ-૧૨ લીટર દેશીદારૂ કિં.રૂ.૨૪૦/- તથા એક એક્ટીવા કિં.રૂ.૪૦૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૦૨ કિં.રૂ.૨૫૦૦૦/- મળી કુલ્લે રૂ.૬૫,૨૪૦/- ના મત્તાનો મુદ્દામાલ પકડી સારી કામગીરી કરેલ છે.






**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૯૭/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬ કેસ કરી, ૭ વ્યક્તિઓને ઝડપી, ૧૬૦ દેશી દારૂ, ૧ બોતલ ઈંગ્લીશ દારૂ અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૬ વ્યક્તિઓને અટક કરી રોકડ રૂપિયા ૨૬,૧૩૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૯૮/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી